# Outcome of the Eighth Biennial Meeting on the UN Programme of Action to prevent, combat and eradicate illicit trade & International Tracing Instrument for illicit small arms and light weapons July 04,2022

# ગેરકાનૂની નાના હથિયારો અને હળવા શસ્ત્રોનાં ગેરકાનૂની વ્યાપારને અટકાવવા, સામનો કરવા અને નાબૂદ કરવા માટેનાં કાર્યવાહી કરવાનાં સંયુક્ત રાષ્ટ્રનાં પ્રોગ્રામ અને આંતરરાષ્ટ્રિય ભાળ મેળવવાની યંત્રણા પર આઠમી દ્વિવાર્ષિક મીટિંગનું પરિણામ

જુલાઈ 04, 2022

નાના હથિયારો અને હળવા શસ્ત્રોમાં ગેરકાયદેસર વ્યાપાર અટકાવવા, સામનો કરવા અને નાબૂદ કરવા માટેનાં સંયુક્ત રાષ્ટ્રનાં કાર્યવાહીનાં પ્રોગ્રામ નાં અમલીકરણ અને ગેરકાયદેસર નાના હથિયારો અને હળવા શસ્ત્રો માટેની આંતરરાષ્ટ્રિય ભાળ મેળવવાની યંત્રણા પર દેશોની આઠમી દ્વિવાર્ષિક મીટિંગ 27 જૂનથી 1 જુલાઈ 2022 સુધી ન્યુયોર્કમાં યોજવામાં આવી હતી. આ મીટિંગમાં નાના હથિયારો અને હળવા શસ્ત્રોની ગેરકાયદેસરની હેરફેર સામે કાર્યવાહીનાં પ્રોગ્રામ તેમજ આંતરરાષ્ટ્રિય ભાળ મેળવવાની યંત્રણાને મજબૂત કરવાનો ધ્યેય રાખતા પરિણામ દસ્તાવેજને ગ્રહણ કરવામાં આવ્યો હતો.

આ મીટિંગ દરમિયાન, ભારત દ્વારા કાર્યવાહીનાં સંયુક્ત રાષ્ટ્રનાં પ્રોગ્રામ અને આંતરરાષ્ટ્રિય ભાળ મેળવવાની યંત્રણાનાં સંપૂર્ણ અને અસરકારક અમલીકરણની અગત્યતા પર ભાર મૂકવામાં આવ્યો હતો, ખાસ કરીને એક મહત્વપૂર્ણ વૈશ્વિક પડકાર તરીકે આતંકવાદનાં ખતરાનો સામનો કરવામાં તેઓની ગત્યતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભારત દ્વારા નાના હથિયારો અને હળવા શસ્ત્રોમાં ગેરકાનૂની વ્યાપારનું નિયંત્રણ કરવામાં સુધારેલા રાષ્ટ્રિય પ્રયાસો અને તેને વધારે અસરકારક બનાવવા માટે ગેરકાનૂની નાના હથિયારો અને હળવા શસ્ત્રોની ભાળ મેળવવાની યંત્રણા વિકસાવવા સહિત આ યંત્રણાઓનાં અમલીકરણને મજબૂત બનાવવા વિનંતી કરવામાં આવી હતી. ભારતે આંતરરાષ્ટ્રિય સહકાર અને સહાયતાની અગત્યતા પર પણ ભાર મૂક્યો હતો, ખાસ કરીને આ યંત્રણાઓમાં અમલીકરણમાં વિકાસશીલ દેશોને સમર્થન આપવા અને તેઓ માટે ફેલોશિપ પ્રોગ્રામ માટે.

આઠમી દ્વિવાર્ષિક મીટિંગનો પરિણામ દસ્તાવેજમાં આતંકવાદને વેગ આપવામાં ગેરકાનૂની હથિયારોનાં વ્યાપારની પ્રતિકૂળ અસરોની ઓળખ કરવામાં આવી હતી અને આતંકવાદ દ્વારા ઉભા થયેલા ખતરાને સંબોધવામાં આ સંયુક્ત રાષ્ટ્રની યંત્રણાઓની ભૂમિકાઓ પર ભાર મૂક્યો હતો. તેણે નાના હથિયારો અને હળવા શસ્ત્રોનાં સમગ્ર જીવનચક્ર માટે સુયોગ્ય રાષ્ટ્રિય નિયંત્રણો અમલમાં મુકવા અને લાગું કરવાનાં દેશોનાં નિર્ધારની પણ પુષ્ટિ કરી હતી. દેશો ગેરકાનૂની નાના હથિયારો અને હળવા શસ્ત્રોની ભાળ મેળવવામાં પગલાઓ મજબૂત કરવા અને સંયુક્ત રાષ્ટ્રની સામેલગીરી સાથે ગેરકાનૂની નાના હથિયારો અને હળવા શસ્ત્રોની ભાળ મેળવવામાં આંતરરાષ્ટ્રિય સહકાર વધારવા માટેનાં માર્ગો ખોજવા પણ સંમત થયા હતા. આ મીટિંગમાં નાના હથિયારો અને હળવા શસ્ત્રોનાં ક્ષેત્રમાં થયેલા તાજેતરનાં તકનીકી વિકાસોની સૂચિતાર્થો, ગેરકાનૂની હેરફેરની ચિંતાઓ અને યંત્રણાઓ

પર તેઓની ખરાબ કરનારી અસરોને સંબોધવાનાં માર્ગો પર મનોમંથન કરવામાં આવ્યું હતું. 2024 માં ચોથી સમીક્ષા પરિષદ  તરફ, પરિણામ દસ્તાવેજ વલણોનાં વ્યાપક વિશ્લેષણ, આ બે સંયુક્ત રાષ્ટ્રની યંત્રણાઓનાં અમલીકરણમાં પડકારો અને સંભાવનાઓ અને તેઓનાં અસરકારક અમલીકરણ પરની ભલામણોને લક્ષ્યમાં લેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જુલાઈ 04, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.